ૐ

શ્રી સૂર્યપુર એકલીંગી


શંકર સ્તવનો.

બનાવનાર

સી. ટી. કેસરી કલબ

યાને

ભગવતી સ્મારક મંડળી.



છપાવી પ્રસીધ કરનાર

સૂ. એ. શં. ઉ. બાળ સમાજ.

સંવત ૧૯૬૦. સને ૧૯૦૩

સુરત "દેશી મીત્ર પ્રેસ."

મુલ્ય ૧ આનો.

ગ્રંથાર્પણ.

રા. કૈલાશવાશી ગણુપતરામ અંબારામ

આપની સ્વદેશ અને સ્વદેશીઓ અને જ્ઞાતીબંધુઓ પ્રત્યેની મમતા માયાળુ
પણું, તેમજ સાદાપણા, સાથ વિવેક, નમૃતા, પ્રમાણીક પણું, તથા
પ્રશંગમાં આવતા મનુષ્યો પ્રત્યે સ્નેહભાવ, દરશાવવા જેવા
અનેક સદ્‌ગુણો, સાથે શીવ ભકતીમાં તન, મન, અને
ધનથી મેવાડાધીપતી શ્રી **"એકલીંગી"** ઇષ્ટ ગુરૂની
નીજસ્થાનમાં સ્થાપના કરી, જ્ઞાતી બંધુઓને
અનેક લાભો સાથે આપના તરફથી હીત
ચીંતક પુરૂષોએ **શ્રી સમાજને** જે જે
આશ્રયો આપેલા છે તે ઉપકારના
બદલામાં આ લઘુ પુસ્તક
સાથે આપનું અમર નામ
જોડીએ છીએ

શીવ ભક્તિ હેતે રચી, શીવ ભકતોને કાજ
શીવ સુત ગણુપતરામને, અરપે **શીવ સમાજ**

લી૦

શ્રી સૂ. એ. શં. સમાજ.

શ્લોક.

देवायं सततंनमन्ति नितरां, गायंन्ति वेदाश्चिका
वेदाःकर्मगगैस्तथेष्टिनिचयैःसंतोषयंन्ति प्रभुम्
योगानुष्ठिति तत्पराश्चिति भयं, ध्यायंन्ति योगात्मकं
तंत्रयांस कृपास्महेडमृतानोर्थे शंभुमनंतं शिवम्.

શિખરીણી છંદ.

દયા શિંધુ દેવા. અમ ઉપર ધારી અવકૃપા
ક્ષઇ લીધી સ્વામી 'દૌલત' રૂપી જે સુખ ક્ષપા
હૃદે આ સં'તાપી'. સ્વયજન દુભી 'શંકર' વિભુ
વસ્યા ક્યાં કૈલાસે સહુવર ઉમાના હર પ્રભુ

છપ્પો

જુવો પતંગની પ્રીત, દીપમાં અંગ પ્રજાળે
જુવો મયુરને મેઘ, ગર્જના વર્ષાકાળે
જુવો ચકોરને ચંદ્ર, ડોકનું દુખ નવ ગણુશે
જુવો માણીને દુધ બળે જળ પોતે વણુશે
જુવો વળી વીચાર, પ્રીત લોહચુંબક પાહણુની
તેથી પ્રીત 'દોલત' બહુ રે પ્રિય તુજ મુજ પ્રાણુની.

સ્નેહી મંડળી.

ॐ

શ્રી સૂર્યપુર એકલીંગી

શંકર સ્તવનો.



૧

જુગારી ધન હરે એ રાહ.

ગૌરી નંદના, કરીએ વંદના,
પ્રથમ સ્મરણ કરીએ તારૂ, ભકત રંજના.
ગૌરી નંદન, કરીએ વંદન, ભવ દુઃખ ભંજન, જગત્ તણા
સનક સનંદન, પાપ નિકંદન, તોડો બંધન, ભકત તણા...ગૌરી ૧
ઢુંઢી વિનાયક, છો સુખદાયક, થાવો સ્હાયક, ગજવદના
તમ ગુણ ગાવા, પાપ સમાવા, સુભમતિ આપો સુખ સદના–ગૌરી ૨
ચંદન અક્ષત, પુષ્પ માળથી, પુજન કરીયે, શિવ સુતના
અબિલ અરગજા, ધૂપદીપ, નવ્યેદ આરતિ અતિ રચના...ગૌરી ૩
રીધ સીધ ભંડાર તમો છો, સુધ બુધ નાર ચમર ધરણા
જય ફરશીધર મહેર નજર કર, સમાજ પર કીજે કરૂણા...ગૌરી ૪



૨


રાહ દાદરો

નમામિ દેવી પાર્વતી મા, જય મહેશ્વરી
તું એક અખિલ વીશ્વમાં છે, આદ્ય ઇશ્વરી
તુજ ચરણું સમીપ સરણુ, રહું શીર ધરી ખરી...નમામિ૧
ચંદ્ર વદની સુખ સદની, ત્રિશુળ કર ધરી
સમસ્ત કષ્ટ દુર કરો, દુરગુણો હરી
અમાપ પાપ કાપ, આપ, શાંન્તી શંકરી ...નમામિ ૨
શૈલ શુતા સાંભવીમાં, ત્રિપુર સુંદરી
કર મ્હેર લીલા લ્હેર માંડી, વિજયથી ભરી
જય જય તુ જગત જનુની, સમાજ જય કરી...નમામિ ૩



૩ રાહ બનજારો

હે અંજની સુત બળધારી, છો શેવક શીર સુખકારી
તમો રામ પ્રિય હનુમંતા, ત્રૈલોક વિષે બળવંતાજી
ધીર વિર તમો જય કારી...છો શેવક ૧
તમે પ્રસુત સમેરવી ઝાલ્યા, દિગપાળ દસો દિશ હાલ્યાજી
થયો ત્રાશ ભુ મંડળ ભારી...છો શેવક ૨
રામ ભક્ત કપિવર બળીયા, સીતા સોધને કારણ પળીયાજી
ગુણવંત ગદા કર ધારી...છો શેવક ૩
તમો લંક નીસંકથી આવી, મલ્યા સીતાને શીશ નમાવીજી
દઇ મુદ્રિકા કરથી ઉતારી...છો શેવક ૪
અતિ ઘોર ગર્જના કીધી, તમે લંકા દહન કરી દીધીજી
ઉર ક્રોધ અતિશય ધારી...છો શેવક ૫
વળી દ્રીપ સજીવન લાવ્યા, એક પળ માંરણ ભુમી આવ્યાજી
તમે લક્ષમણ મુરછા ઉતારી....છો શેવક ૬
તમો રાવણને રણ રોળી, અરિ સૈન્ય સકળ રગદોળીજી
પુછ પ્રહાર થકી સંહારી...છો સેવક ૭
કપી અગણિત છો ગુણવંતા, બજરંગ અતિ બળવંતાજી
નમે સમાજ વારંવારી...છો સેવક ૮



૪

વંદન કરીએ એ રાહ

જય જય હર, જય જય હર, જય મહેશ્વરા
શશિધર હર, અજર અમર, અખિલ ઇશ્વરા
દેવા, દેવા, એવા
સુખ કર હર, ભવ ભય હર, હે વિભૂવરા ...જય ૧
જરણ મરણ અભય કરણ, જય તું હર હરા
અસર્ણ સર્ણ નમિએ ચર્ણ, હે દિગંબરા
નમે સમાજ આજ લાજ, રાખો શંકરા ...જય ૨

૫

ગીરધારીરે એ રાહ

જય એક લિંગજી, તમોછો દીન દયાળ,
નિજ ભક્ત તણા પ્રતિપાળ;
મુખ જોતાંરે, પાપ કટે તત્કાળ
તમો દેવના, દેવ દયાળા.

ઝુલ

રંક જાણીને દયા કરજોરે, મુજ વિનંતી ઉરમાં ધરજોરે
ભોળા સંકટ સરવે હરજોરે, તમ આગળરે કરીએ કાલાવાલા—તમો૧
દિન બંધુરે અખિલ બ્રહ્મ અવિનાશી, રહ્યુ શૃષ્ટિમાં નામ પ્રકાશી;
ત્રીપુરારીરે ત્રણ ભુવનના વાશી, છુટે કૃપા થકી યમ ફાંશી.

ઝુલ

પંચ મુખ તે મહા વિષાળરે, ત્રિ નેત્ર શોહે શશિ ભાળરે
તમ દ્રષ્ટિએ કંપે કાળરે, સોભે કંઠેરે, સર્પને રૂંઢની માળા—તમો ૨
પ્રભુ કહાવોરે, અખિલ નિરંજન જોગી, હિંસો ભાંગ ધતુરનાભોગી
મોહમાયારે, તેહતણા છો ત્યાગી, શીવ ભિક્ષા અત્રિ ગૃહે માંગી

ઝુલ

ભષ્મ લેપન સરવે અંગરે, જટામધ્યે બિરાજે ગંગરે સોહે
ઉમિયાજી અરધંગરે, શડાનનરે, ઓછંગે ગણપતિ બાલા—તમો ૩
શિવ ભોળારે ભુતને પિસાચ, ગણ ડાકણી સાકણી સાથ
કરે નૃત્યરે, જોગણીઓ લઈ તાલ, કરેગ્યાન વગાડે ગાલ

ઝુલ

મૃગછાલા વ્યાઘાંબર ધારીરે, કરી નંદી ઉપર અસ્વારીરે, ડાક
ડમરૂને ત્રિશુળ ભારીરે. ગિરિજા પતિરે, પિનાક ધનુષવાલા—તમો ૪
ગુણ અગાણતરે મુખે કરૂં શું વખાણ, બાહુ સહસ્ર દીધા સુત બાણ
આપી વરદાનરે સેવકો કીધા બળીયા, બાણ સંકટે રણમાં પળીયા

ઝુલ

દેવ દાનવો ધ્યાનજ ધરતારે, મુખે જય જય જય ઓચરતારે
રામચંદ્રસદામનસ્મરતારે, નમે સમાજરે, આજ તમોનેકૃપાળા-તમોપ

૬

રાહ—કાફી

હર હર હર ત્રિપુરારી, સાહ્યે થાવોને મુરારી—હર
કરી કરજોડી પ્રેમે સદાશીવ, નમિયે વારંવારી
આજ દયા કરી, શર્ણુ શંભુજી, ચર્ણુ રાખો ઉગારી
સદાય છે આસ તમારી—હર ૧
ગિરિજા પતિછો, અતિ સુખદાઇ, નંદી ઉપર કરી સ્વારી
ભૈરવ ભૂત સદાતમં સંગે, જક્ષો કરે કિલકારી
ઉર ઉમંગ અપારી—હર ૨
અખંડ વસોછો, સ્મસાન શદા શીવ, આનંદ મંગળ કારી
કહે સમાજ આજ સઉ નમિએ, બાંહ્ય ગ્રહોને હમારી
લીઓ સૌ અરજ સ્વિકારી—હર ૩

૭

લાવણી

જય જય શીવ શંકર, લીલા ત્હારી ન્યારી;
તુજ રૂપ સદા અવધૂત, જાઉં બલિહારી.
તું ખલ્ક સારીમાં, અલ્હેક જગાવે જોગી
હરનીસ રહે ચકચુર, ભાંગના ભોગી
તુજ સંગ ભૂત પીસાચ, કરે કિલકારી—તુજ રૂપ ૧
તુજ ભાળ શશિકર ત્રિશુળ કરે ચમકારા
પિનાક ડમરૂને ડાક, સોભતા સારા

વાહન નંદી તે, ઉપર કરી અસ્વારી—તુજ રૂપ ૯
તુજ કંઠ વિષે છે, સર્પ રૂંઢની માળા
છે દંડ કમંડળ હાથ, ઓઢી મૃગ છાલા
મળી સમાજ તમને, નમિયે વારંવારા—તુજ રૂપ ૩

૮

લાવણી

જુઓ શંકર ત્રિશુળધારી, રહે છે ગંગ જટામાં નારી
બીજી સાથ પાર્વતિ પ્યારી, જાઉં બલિહારી.
સાથે પ્રેત ટોળી ભારી, તે ખૂબ કરે કિલકારી;
શિવે ખાંધે લીધી ઝોળી, સારે અંગ વિભૂતી ચોળી.
કંઠે સર્પ રહયા વિંટોળી, પીયે ભંગ ઘોળી;
આંક ધતુર કેર સચોળી, સદા શંભુ પીએ રગદોળી.
કીધી નંદી પર અસ્વારી, હસ્તે દંડ કમંડળ ધારી;
કરમાં પિનાક સોહે ભારી, મંગળ કારી.
કરે દરશણ નરને નારી, વં સમાજ જય જય કારી.

૯

કાનડો

શિવ શંકર છો સુખકારી, શિવ (૨)
અકળ કળા! કહિ કળિન કળાએ, અલ્પમતિ છે હમારી—શિવ ૧
ચંદ્ર શેખર શિર જટા અનુપમ, દંડ કમંડળ ધારી
ત્રિગુણાત્મક ત્રીશુળ કર સોહે, જય જય જય ત્રિપુરારી—શિવ ૨

અજર અમરશિવ શામ્બ તમો છો, ભવ દુખભંજન હારી
આજ સમાજ મળી સઉ નમિયે, બાંહ્ય ગ્રહોને હમારી—શિવ 3

૧૦

મને સહાય કરશે મોરારીરે એ—રાહ

શિવ સાહ્ય કરો ત્રિપુરારી રે, ભક્તો જાણીને, ત્યોને ઉગારી
ભક્તિ તમારી, દીયો સુખકારી, ભોળા આશા પુરોને હમારી—શિવ
તાપો નિવારી, ભવ સિંધુથી તારી, સદા મહેર કરોને મૂરારી
વિનતિ એ સ્વીકારી ભોળા, સમાજ સરણે તમારી—શિવ

૧૧

કનૈયા નંદકે લાલા એ-રાહ

ઉમાકે કંથ મતબાલા, ગલે બીચ રૂંઢકી માલા
ફિની નંદીપે અસ્વારી, સંગમે પાર્વતી નારી;
લીયે બગલો મેં ડુંડાલા,....ગલે બિચ. ૧
ચલે શંભુ ત્રિપુરારી, જટા બિચ ગંગ હે પ્યારી;
કમંડળ હાથ મૃગ છાલા,....ગલે બિચ. ૨
ડમક ડમરૂ તુરે બાજે, થનક તક થૈ ધ્વની ગાજે;
અ ગડ બંમ બંમ બજે તાલા....ગલે બિચ. ૩
ગીરી કૈલાશ કે બાશી, મીટા દે કાલકી ફાંશી;
સમાજ, કીલાજ રખવાલા....ગલે બિચ. ૪

૧૨

થયા છો રે પતિ એ-રાહ

શીવ છો રે, પ્રિય નિસદીન સુખ કર, શેવક શીર તાજે
શેવક શીર તાજે, તમો છો શેવક શીર તાજે.—શીવ. ૧

તમો દયાળુ, તમો કૃપાળુ, ભકત તણા પ્રતીપાળ, હાં
સુખ દાતા, જગ ત્રાતા, ગુણ ગાતા,
દયો શુભ મતિ, ગતિ અતિ, પસુ પતિ હમને, પ્રીતે સ્તવુ આજે —શીવ. ૨

પ્રણુત જન પ્રતિપાળ તમો છો, સદા ઇશ મહેશ હાં,
નિશકામી, બહુ નામી, સુખધામી;
કરે પુજન અરચન તન મન ધનથી, સમાજ, મળી આજે— શીવ. ૩

૧૩

દીન્ડી—રાહ.

અહો શંભુ નાથ, આસરો તમારો,
કૃપાનાથ કષ્ટ, હમતણા સંહારો;
નિજદાસોને, દયા કરી ઉગારો—અહો ૧

અહો પસુપતિ તમકૃતિ કળિ ન કળાયે,
જનમાત્રને, સદા કરોને સાહાયે;
દયા દ્રષ્ટિ વિના, અન્ય શું ઓવારો—અહો ૨

હમો સરણુ ચરણુ, શંભુજી તમારે,
છો દયાળુ દેવ, સર્વમાં હમારે.
આ સમાજને, જય વિજયથી વધારો—અહો ૩

૧૪

પુનમ ચાંદની-રાહ

હેતે નમિયે, શંકર ભોળા નાથનેરે
દુઃખ હ-ર્તા, સુખ ક-ર્તા ત્રિપુરાર.
પુરા પ્રેમથી આરાધો ઉમા કંથનેરે
સહુ સાથમાં મળીને ગાવો સહીરે
જેનો મહિમાં છે, અગમ અપાર--પુરા 1

સાખી

અજર અમર શીવ એક છે, વિશ્વ વિષે જગતાત,
શચરાચર વ્યાપી રહ્યા, ઘટ ઘટમાં સાક્ષાત,
ભજીએ જટા જુથ, અવધુત, દિગંબર દેવનેરે
એ છે જરણુ, મરણુ, ભયહરણુ,તણા દાતાર—પુર ૨

સાખી

ઇંદ્ર ચંદ્રને વરૂણુ તે, ધરતા ધ્યાન હમેશ,
શુર સનકાદીક સેવતા, સ્મરતા શેષ ગણેશ,
એવા અલક નીરંજન, ભવ દુખ ભંજન દેવનેરે,
રહીએ શરણુ ચરણુ ભવતરણુ, સદા શીવશામ્બ—પુરા ૩

સાખી

પંચવદન સુખ સદન છે, ભોળા ઇશ મહેશ,
પાર ન પામ્યા રૂષી મુનિ, સહસ્ત્ર ફણીધર શેષ,
એવા મદન રિપુ મહાદેવ, ભજો સો ભાવથી રે
એ છે મંગળકારી, ભવ દુખ હારી નાથ...પુરા ૪

સાખી

આનંદનો દીન આજ છે, અંગ ઉમંગ અપાર,
સેવો સાચા શીવ સહુ, ઇચ્છીત ફળ દેનાર.
ધરીએ રહ્દય મહી શાહુ ધ્યાન, સદા મહાદેવનું રે;
કરીએ અમન ચમન, મીન. નમન કેશરી સાથ...પુર. ૫

૧૫

આવો સખી આવો—એ રાહ
શિવશિવ, શીવશીવ, શિવશિવ ગાઓ,
શિવશિવ ગાઓ સહુ શિવશિવ ગાઓ—શિવ. ૧
ચંદ્ર શેખર શીવ, મૌલી જટા ધર;
હરહરહર સ્મરી, શીર ઝુકાવો. —શિવ. ૨
કરૂણા શાળી શીવ, બ્રંહ્મ કપાળી;
ઉગ્ર વિશાળી તણા, ચરણમાં જાવો—શિવ ૩
ત્રૈલોચન પશુ પતિ, ભવ મોચન;
નમન નમન કરી, શીર સુખ પાવો—શિવ
અચ્યુત શાહેક, આનંદ દાયક;
શચ્ચિદ ચીદ ઘન, ધુન મચાવો—શિવ
ગવરિ રમણ શિવ, સ્મરણ કરોજન;
ફરી ફરી અવશાર, મળે નહીં આવો—શિવ
હળી મળી આજ, સમાજ ઉમંગે;
જય જય વિજય, વિજય જશ ગાવો—શિવ

૧૬
શ્રી માલકોશ.

કૃપા કર, કૃપા કર, કૃપાળુ વિભૂ;
ખરી આશ ત્હારી, દયાળુ પ્રભુ—કૃપા ૧
ખરો સાર સંસાર, એ છે સદા;
ગવાયા ગુણો જે, તમારા તદા—કૃપા ૨
કરૂણા તમારી, કળીમાં થસે;
ટળી સર્વ કિલ્વીષ, પળમાં જશે—કૃપા ૩
કરી વંદના, પાય પડીએ અમે;
સદા સર્ણ રાખો, હે ભોળા તમે—કૃપા ૫
મળી આ સમાજે, સ્તુતિ જે કરી;
દીના નાથ લેજો, એ ઉરમાં ધરી—કૃપા ૬

૧૭
ભૈરવી દાદરો એરા ૯

સુખ એકે અવનિમાં સાચું નહી;
ભોળા નાથ, શીવ શંભુ વિના...સુખ
પતિત કે પાવન, અધમ ઓધારણ
તારણ, શિવ વિન, કોઇ નહીં...ભોળા
તત્વ. પરમ પર,માત્મ શદા શીવ;
અખિલ નિરંજન જગત મહીં....ભોળા

મનુષ્યા જન્મ ધરી, શીવ ન જાણ્યા;
ફોકટ અવશાર, જાએ વહી...ભોળા
શ્રી એક લીંગી, સદા શરણાંગત;
રાખો સમાજ, ને સરણુ ચહી...ભોળા

૧૮

મેં તો શાહેબજા દાકું ઢુંઢન ચલીએરે—એ શાહ
શિવ શંકર, તુજ છબી ન્યારી
શોભા અતિસારી ભોળા દીસે અતિ ન્યારી ન્યારી—શંકર
ભષ્મ લલાટ, ત્રિપુંડ્ સુભસોહે
ઉરગ ધર વિષધારી—શિવ
ચંદ્ર કપાળ ધરયો શિવ જોગી;
મૃત્યુ જય, જય કારી—શિવ
શૈલ સુતા વામાંગે સોહે
હસ્ત કમંડળ ધારી....શિવ
ભૈરવ ભુત છે સેવક ત્હારાં
ઉમયા વર ત્રિપુરારી...શિવ
વને વિહારી, જટાશીર ભારી;
શોભાતારી અતિસારી...ભોળા દીસે ન્યારી ન્યારી....શિવ *

---

* કેલાશ વાશી.

મી૦ ડી. ટી. ભગવતી
સૂ.. એ. શાં. મ. સેક્રેટરી

૧૯

ખમ્મા ખમ્મા કુંવરજી—એ રાહ.

પ્રેમ ધરી, સમાજ, આજ નમિયે તમને રે,
ચરણે, સરણે, શંભુ સદા, રાખો હમને રે—પ્રેમ.
જય જય શંભુ કૈલાશી,
શંકર ભોળા અવિનાશી,
છુએ દરસનના પ્યાશી.
દીન જાણી, દયા આણી, તારો હમને રે—પ્રેમ.
નમિ નમિ વિનંતિ કરીયે,
શિવ ધ્યાન રદયમાં ધરીયે,
ભવશાગર પાર ઉતરીયે,
અંતમાં આધિન કદી, ન થઇએ યમને રે...પ્રેમ

૨૦

કભી મેં ન માનું...એ રાહ

ભજો શિવ શંભુ, સકળ સુખદાય
મળી સૌ પ્રેમથી રે, નેમથી...શિવ૦
છે દુખહારી ભકતના રે, સુખકારી સેવક શીર સાય
ભોળા સુખકારી સેવક શીર સાય...મળી સૌ૦
એ ભુતળમાં, એ જળ સ્થળમાં, વ્યાપી રહયા જગમાંય;
ભોળા શીવ વ્યાપી રહયા જગમાય...મળી સૌ૦
પ્રેમ સંગે ને ઉમંગે, સમાજ શિવ ગુણ ગાય;
ભોળા તુજ સમાજ શિવ ગુણ ગાય...મળી સૌ૦

૨૧. અરર આ શાજાય એ શાહ

શિવ દયા કરો, કરો કરો
શિવ દયા કરો, કરો કરો
નમિયે આજ કરગરીને
રાખો લાજ દુખ હરીને, અરજ ઉર ધરો
દી ન ના દયા ળ છો
વિઘન દુર કરો, અભય શુખ ભરો
ત્વરીત દુખ હરો, હરો હરો...શિવ૦
તુજ ગતિ અમાપ, બાપ, પાપ,
ત્રિવીધ તાપ, સરવે કાપ,
શાંતિ, શાંતિ, શાંતિ, આપ, તુજ સમાજને
ભ ક્ત પા ળ હે વિ ભુ
જય વિજય કરો, સબળ આસરો
પીડ પ્રબળ હરો, હરો હરો હરો...શિવ૦

---

૨૨ ભોજન.

ભોળા ભોજન ખટરસ કીજે રે...ભોળા૦

સહુ ગણુ સાથ, સકળ સુખદાયક
ગિરિજા શ્રીજી સહીતે....ભોળા૦

રત્ન જડિત અતિ, આસન સુંદર
બિરાજો ઉમયા ઇશો....ભોળા૦

કંચન થાળ ધરચો મન રંજીત
કનક કળશ જળ પીજે...ભોળા૦

આરોગો, પકવાન મીઠાઇ
મોદીક પાઍશ લીજે...ભોળા૦
શાક પાક શુસ્વાદ અથાણા,
પાપડ પ્રેમ શું લીજે...ભોળા૦
દાળ ભાત ધ્રત, કઢી અતી શુંદર
રૂચી રશ ભોજન કીજે....ભોળા૦
પાન પુગી ફળ, લવેંગ એલાચી
મુખવાસ, અરપે સમાજે...ભોળા૦

૨૩

આરતી પીલુ શાહ

જય જય જય શ્રી દિગંબર દેવા
આરતિ અંતર આશિષ લેવા...જય૦ ૧

જય ઉમયાવર, શંકર સ્વામી;
જય ગંગાધર, નાથ નમામી....જય૦ ૨

જય શશિધર જય, વિષધર શંભુ
જય ભષ્માંગર, ગૌરીશ વંદુ....જય૦ ૩

જય શ્રી ગજાનન, તાત શડાનન
જય ચતુરાનન ભ્રાત પંચાનન...જય૦ ૪

જય નંદીશ્વર, જય જગદીશ્વર
જય ગવરિશ્વર, જય સર્વેશ્વર...જય૦ ૫

કામ હરણુ જય, કામ પુરણુ જય
રામ રમણુ જય, રામ રમણુ જય...જય૦ ૬
જય ધનપતિ હિત, ચિંત્તક હેતુ
જય કૈલાશપતિ, વૃષકેતુ...જય૦ ૭
જય એકલીંગી, જગત ઇષ્ટકારી
જય શ્રી જટાધર, શિવ અસુરારી....જય૦ ૮
જય બંભોલા નાથ દિગંબર
જય જય કર, હર શંભુ શિવંકર....જય૦ ૯
સુર મુનિ વૃંદ, વંદિત સ્વયંભુ
જય અનવદય, અનામય શંભુ...જય૦ ૧૦
જય ત્રિપુરારી, તાપ હરો મુજ;
વંદે "શંકર સમાજ" પદાંબુજ...જય૦ ૧૧

૨૪ શિખરણી છંદ.

અહો શંભુ સ્વામી, અચળ તવ કિર્તી ગુણુ ગણા,
રટે બ્રહ્મા પોતે, પ્રમુખ શિવ કેરા ગણુ તણા
ગણે શું શું સ્વામી, ગુણુગણુ ગણી તે ગણુ વિભુ
મહા શદગૂણોના, મણીધર મણી શ્રીપદ લુંભુ

૨૫. વસંત તિલકા છંદ.

લુભુ પદે પ્રભુ હવે, અરપી ક્ષમાને;
દે,શિવ રૂપ શિવતા, શિવહું સખાને
કલ્યાણુકારી જયકારી, સ્વયંભુ શંભુ

સાષ્ટાંગથી નમિ નમિ, તુજ પાદ વંદુ
પાદામ્બુજે પ્રણમીને, પ્રભુ પ્રેમથી રે
પ્રચ્છે અભિષ્ટ જન, અંતરમાં અતિ રે
તેનું કરે શિવ સદા, શિવ શિવ નામી
શ્રી એકલીંગી ચરણે, શિરસા નમામી

ॐ.

श्री एकलींग स्तुति पाठ


शार्दुल विक्रीडीत छंद.

जेना भाळ विषे शशांक सुखद, गंगा शिरे सोभती,
कंठे हार भूजंग अंग विभूती वामांग शोभे सती;
अंके देव गणेश क्लेश हरता, विघ्नेश राजे प्रभू,
वंदे विश्व वरिष्ट इष्ट वरदा, श्री एकलींगी विभु—१
जेणे भक्त मुनिंद्र सूर नरने, मार्कंड सा तारीया,
लंकाधीश समा असुर अधिका, आपेथी संहारीया;
शोधे ध्यान धरी सदा सुरपति, उपेंद्र ने आत्मभू,
वंदे विश्व वरिष्ट इष्ट वरदा, श्री एकलींगी विभू—२
जातां रावण संग लंकपुरीमां, मेवाड मध्ये रहया,
स्थाने स्थीर थतां मलीन मनना, ना दुष्ट संगे गया;

कीधी पर्म पुनित रति रुद्री ए, श्रीमाळ मेवाडी भू,
वंदे विश्व वरिष्ट इष्ट वरदाश्री एकलींगी विभू ३
जाणी आप प्रताप मान महिमा, आचार्य भुवा अती,
म्लेच्छोथी भय मानता द्विजवरोये, कीधी सरणे स्थिती;
तेनु इष्ट कर्यु सदाशीव तमे, एवा स्वयंभू प्रभू,
वंदे विश्व वरिष्ट इष्ट वरदा, श्री एकलींगी विभू—४
स्मरता श्री हर ओम् सदाशिव हरे, आधी उपाधी टळे
किर्तिकांती व लक्ष्मी शांति सुखने, भक्ती व मुक्ती मळे;
ऐवा देव दयाळु दानी दीलना, शंभुस्वरुपे लुभूं,
वंदे विश्व वरिष्ठ इष्ट वरदा, श्री एकलींगी विभू. ५
रुडा सूर्यपुरे तिरे तपतीनें, भक्तो वसे आपना,
कीधी संवत ब्रम्हनंद नयने, शास्त्रे करी स्थापना;
श्री एकादशी शुक्ल मार्ग शिर्षे, ने चंद्र दिने सहु,
वंदे विश्व वरिष्ठ इष्ट वरदा, श्री एकलींगी विभू ६
जनम्या ब्रह्म कुले वस्याम निगमे श्रीमाली ज्ञाती विषे
सुनु श्री जयनंद मुलशर्मा, ने स्मर्ण रहेवा मिषे,
अर्पु आ मुनी श्लोक शोक हरता, स्वीकारसो सुरभु,
वंदे विश्व वरिष्ट इष्ट वरदा, श्री एकलींगी विभू.—७

चंचत कांचन कुंडलं शशिधरं, श्री शुलीनं शांभवं,
वंदे श्री त्रिपुरांत कारिण महं, ब्रह्मादिभिः सेवितं,
यंस्मृत्वाशुऽमहाकवेश्च पदवी, मीयाध्यथा मंदधी
देवंश्री खगपत्तने नि वसीतं, शार्दुलचर्माम्बरं.
सीता शुध्धिचणं प्रणम्यच हरी ध्यात्वा गुरु शंकरं
एतांस्तोक कावि कृतिं प्रकुरुते, संसोध्यरंम्यामिमां,
शस्तांश्री जयमंदनो विजयतें, एषा हीतैषीजना;
स्तांमेतां विबुधा स्मरंतुचमुदा, सौभाग्यमानंददा.

ॐ शान्ती, शान्ती, शान्ती :



વિનંતી પત્ર.

શ્રી શંકર ભકત જનોને, વિનંતી કરવામાં આવે છે કે આ ચોપડીની ઉપજના પઇસામાંથી ખરચ બાદ જતાં, જે રકમ રેહશે તે રકમ શ્રી શંકર પ્રીત્યર્થે વાપરવામાં આવશે. માટે સર્વે સદ ગૃહસ્થો આ ધર્મ કામમાં પોતાથી બનતી મદદ કરી, યોગ્ય આશ્રય આપશો એવી આશા છે.

બાદ લગ્ન જેવા શુભ પ્રસંગમાં ભણવાના શાઠોના ઉત્તમ શ્લોકોનુ પુસ્તક શાસ્ત્રી મુળશંકર જયાનંદનું પ્રગટ કરેલું તથા નીચે લખેલી દરેક ચોપડીઓ નીચે લખેલ શરનામેથી મળશે.

શ્રી સૂર્યપુર એકલીંગી શંકર સ્તવનો	કીમત	૦–૧––
શાંઠીના સ્લોક	,,	૦–૪––૦
શ્રી જગદંબા ભજન માળા ભાગ ૧લો	,,	૦–૨–૦
,, ,, ભાગ ૨ જો	,,	૦–૩––૦

સી. ટી. કેસરી કલબ

ઠા૦ બેગમપરા ત્રંબકનાથ મહાદેવના દેરા આગળ વ્યાસ ચુનીલાલ કાશીનાથને ત્યાંથી મળશે.

તથા

છોટેલાલ પરભુરામ

બરાનપુરી ભાગોળ કાપડની દુકાન નંબર ૮૭

સુરત